ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

રેફ નં. તા: ૨૪/૬/૨૦૨૦

તંત્રીશ્રી, ______________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

# કોવિડ–૧૯ની પ્રવર્તમાન પરિસ્થિતિમાં કોરોનાના સંક્રમણથી બચવા અગમચેતી રાખવા મહાપાલિકાએ ટેક્ષ્ટાઇલ ઉદ્યોગના આગેવાનો સાથે બેઠકો કરી

**સુરત :** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના માધ્યમથી આજે સવારે ૧૧:૦૦ કલાકે સુરત મહાનગરપાલિકા ખાતે સુરતના મેયરશ્રી ડો. જગદીશ પટેલ અને સુરત મ્યુનિસિપલ કમિશનર શ્રી બંછાનિધી પાની (આઇ.એ.એસ.)ના અધ્યક્ષસ્થાને ટેક્ષ્ટાઇલ ઉદ્યોગના આગેવાનો સાથે એક બાદ એક મિટીગનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં ચેમ્બરના પ્રમુખ શ્રી કેતન દેસાઇ અને ઉપપ્રમુખ શ્રી દિનેશ નાવડીયા ઉપસ્થિત રહયા હતા. ટેક્ષ્ટાઇલ ઉદ્યોગના આગેવાનોમાં ફોગવા, પાંડેસરા વિવર્સ એસોસિએશન, લસકાણા વિવર્સ એસોસિએશન, કીમ પિપોદરા વિવર્સ એસોસિએશન, ફોસ્ટા, સૌરાષ્ટ્ર ટેક્ષ્ટાઇલ ટ્રેડર્સ એસોસિએશન, સાઉથ ગુજરાત પ્રોસેસર્સ એસોસિએશન અને સુરત એમ્બ્રોઇડરી એસોસિએશનના આગેવાનો સાથે મિટીગો યોજવામાં આવી હતી.

આ મિટીગોમાં કોવિડ– ૧૯ની પ્રવર્તમાન પરિસ્થિતિમાં ઉદ્યોગ – ધંધા ચાલુ થયા છે ત્યારે કોરોનાના સંક્રમણથી બચવા માટે અગમચેતીના ભાગરૂપે શું તકેદારી રાખવી જોઇએ તેની વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. મહાનગરપાલિકા દ્વારા હીરા ઉદ્યોગના એસોસિએશનો તેમજ આગેવાનોને સાથે રાખીને કોરોનાનું સંક્રમણ અટકાવવા માટે એસઓપી બનાવવામાં આવી હતી. ટેક્ષ્ટાઇલ ઉદ્યોગમાં પણ વિવિંગ અને પ્રોસેસિંગ સેકટરમાં અગમચેતીના ભાગરૂપે શું તકેદારી રાખવી જોઇએ તેના સૂચનો આગેવાનો પાસેથી મેળવવામાં આવ્યા હતા. ટેક્ષ્ટાઇલ માર્કેટના આગેવાનોએ કોવિડ– ૧૯ના સંક્રમણને અટકાવવા માટે તમામ તકેદારી રાખવાની ખાતરી આપીને અઠવાડિયામાં પાંચ દિવસ જ માર્કેટ ચાલુ રાખીશું તેમ જણાવ્યુ હતુ. જ્યારે ટેક્ષ્ટાઇલ ઉદ્યોગના અન્ય આગેવાનોએ પણ તમામ કાળજી લઇશું તેમ જણાવી એક–બે દિવસમાં એસઓપી તૈયાર કરીને ચેમ્બરના માધ્યમથી તેના અમલ માટે આગળ વધીશુ તેમ જણાવ્યુ હતુ.